સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણામાં વસતો વાળંદ બંધુ શિક્ષિત, સંસ્કારી, સ્વાશ્રયી, સુખી અને શહેરી બને તે ધ્યેય દષ્ટિ સમક્ષ રાખીને કાર્યરત સંગઠન એટલે ગુજરાત વાળંદ સેવા સંઘ

# વાળંદ વિકાસ




દરેક અંગ્રેજી મહિનાની બીજી તારીખે પ્રસિદ્ધ થાય છે

વર્ષ : ૬૯ • અંક - ૪ • એપ્રિલ ૨૦૨૫ • છૂટક પ્રત રૂા. ૧૦/-     આદ્યતંત્રી : સ્વ. મોહનલાલ મુળજીભાઈ વાળંદ (મેજીસ્ટ્રેટ)


-: 'સંઘ'ના સંસ્થાપકો :-



સ્વ. મોહનલાલ વાળંદ



સ્વ. રેવાભાઈ નાયી




સ્વ. ગોરધનદાસ દલાલ




-: 'સંઘ'ના ઉધ્ધારકો :-



સ્વ. જ્યોતીન્દ્રભાઈ નાયી



સ્વ. શારદાબેન નાયી



સ્વ. કાંતિભાઈ નાયી

## નવીન બહુમાળી સમાજ ભવન

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનરૂપી નવિન વિદ્યાર્થીગૃહ ઇમારતનું ભવ્ય નજરાણું

**સમાજ સંકલ્પ કરે છે. આ ગૌરવરૂપ પ્રોજેક્ટ આપ સર્વેના સાથ-સહકાર થકી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિનું પ્રતિબિંબ બની રહેશે.**

બેંક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, ગુલબાઇ ટેકરા શાખા
બેંક ખાતા નં. ૧૦૦૨૯૮૪૧૨૧
IFSC : CBIN0281629
**શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ**
સ્થાપના ૨૦ એપ્રિલ, ૧૯૫૭,
પબ્લિક રજિ. નં. એ-૧૮૨૪

SHREE GUJARAT VALAND S
10787086@cbin
**દાન જમા કરાવવા માટે ક્યુઆર કોડ**

**નમ્ર અપીલ : સમાજનો કોઈ જ્ઞાતિબંધુ આ શૈક્ષણિક ભવનમાં યથાયોગ્ય દાન આપ્યા વિના ન રહી જાય તેવી વિનંતી.**
**નોંધ : આ પ્રોજેક્ટ માટે સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ 80(G) હેઠળની જોગવાઈ મુજબ કરમુક્તિને પાત્ર છે.**

# BIO-DATA



**Personal Details**

| | | |
|---|---|---|
| Name | : | **Aayush Amitkumar Bhatia** |
| Caste | : | Hindu - Valand |
| Date of Birth | : | 10-9-1999 |
| Height | : | 5' 9" |
| Weight | : | 73 Kg. |
| Education | : | M.B.B.S. |
| Occupation | : | (Corrent Status) Intership at Godhra Civil Hospital |
| Birth Place | : | Godhra |
| Hobbies | : | Football, Gym, Music |

**Family Details**

| | | |
|---|---|---|
| Father | : | Amitkumar Marutiprasad Bhatia |
| Occupation | : | Pharmacy (Medical Store) |
| Mother | : | Pritiben Amitkumar Bhatia |
| Occupation | : | Pathology Lab |
| Brother | : | 1 Elder Brother (Sweden) |
| Maternal | : | Jivrajbhai Narandas Bhatti (Bhavnagar) |

**Other Details**

| | | |
|---|---|---|
| Address | : | 14, Maa Gayatri Nagar-1, Bamroli Road, Godhra |
| Contact | : | +91 9427484584<br>+91 9726229600 |

# BIO-DATA



| | | |
|---|---|---|
| Name | : | **Abhikaran Amitkumar Bhatia** |

**Personal Details**

| | | |
|---|---|---|
| Caste | : | Hindu Valand |
| Height | : | 5' 8" Weight : 65 Kg. |
| Date of Birth | : | 10-6-1997 |
| Education | : | B.Tec. Vadodara MSc (Mechanical Engineering) Sweden |
| Occupation | : | Calculation Engineer in Product Development Department NIBE AB, Company Trollhattan, Sweden (Europe) |
| Hobbies | : | Football, Gym, Video Games, Cycling, Music |
| Birth Place | : | Bhavnagar |

**Family Details**

| | | |
|---|---|---|
| Father | : | Amitkumar Marutiprasad Bhatia |
| Occupation | : | Pharmacy (Medical Stores) |
| Mother | : | Pritiben Amitkumar Bhatia |
| Occupation | : | Pathology Laboratory |
| Brother | : | Younger Brother, Dr. Aayush Amitkumar Bhatia, M.B.B.S. Doing Internship at Godhra (Civil) |
| Maternal | : | Jivrajbhai Narayandas Bhatti Bhavnagar |

**Other Details**

| | | |
|---|---|---|
| Address | : | 14, Maa Gayatrinagar-1 Opp. Govardhan Nathji Ni Haveli, Bamroli Road, Godhra, Panchamahal 389 001 |
| Contact | : | +919427484584,+919726229600 |

# ગુજરાત વાળંદ સેવા સંઘ

(પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ૧૮૨૪)


**: પ્રમુખ :**

**શ્રી વિપુલભાઈ વી. દલાલ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૪૫૨૫૨૪૪, વોટ્સેપ નં. +1 (678) 677-0003

**: મંત્રી :**

**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય (ટ્રસ્ટી)**
મો. ૭૪૦૫૮૨૮૯૫૫

**: ઉપપ્રમુખ :**

શ્રી પંકજભાઈ કે. નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૦૯૮૮૮૭

શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ (ટ્રસ્ટી)
મો. ૯૯૦૯૦૦૧૯૭૦

**: સહમંત્રી :**

શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૩૦૫૩૬૨

**: કોષાધ્યક્ષ :**

શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૯૮૯૫૯૩૦૫

**: અન્વેષક :**

શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ (સી.એ.)
મો. ૯૬૩૮૧૮૦૦૦૭

**: ટ્રસ્ટીશ્રીઓ :**

શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ બાવરિયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૬૩૪૨૫૬

શ્રી વિજયભાઈ ધીરુભાઈ બગથરીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૦૮૯૦૦૧

શ્રી મહેશભાઈ પ્રવીણભાઈ જોટંગીયા (ટ્રસ્ટી)
મો. ૮૩૪૭૩૮૮૮૮૮

શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૭૭૬૯૦૦

શ્રી અલ્પેશભાઈ મધુસુદન લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૧૧૧૨૯૫

શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૬૯૬૮૬૯

શ્રી અરવિંદભાઈ એસ. દમણી (ટ્રસ્ટી)
મો. ૯૩૭૭૫૬૦૮૪૨

શ્રી મયુરધ્વજ કે. લિમ્બાચિયા (ટ્રસ્ટી)
મો. ૯૪૨૬૩૬૭૦૭૭

શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૯૭૫૨૩૬

શ્રી સુરેશભાઈ જે. શર્મા (દાતા ટ્રસ્ટી)
(અમદાવાદ)

શ્રી રમેશચંદ્ર પી. લિમ્બાચીયા (ટ્રસ્ટી)
(પાટણ)

શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી)
(પાલ્લા)

શ્રી શ્રી ધર્મેન્દ્રભાઈ છનાલાલ નાયી (ટ્રસ્ટી)
મો. ૯૭૨૬૬૭૫૦૪૦

શ્રી યોગેશભાઈ નારણભાઈ પારેખ (દાતા ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૦૨૧૯૦૩

**: બિલ્ડીંગ પ્રોજેક્ટ કમિટિ (ઈજનેરી પાંખ) :**

**પ્રોજેક્ટ ચેરમેન :** શ્રી કાળીદાસ કે. પારેખ, (ટ્રસ્ટી)
મો. ૯૯૨૫૬૦૪૪૪૩

**પ્રોજેક્ટ વા. ચેરમેન :** શ્રી ગોપાલભાઈ કે. વાળંદ, (ટ્રસ્ટી)

શ્રી હર્ષદભાઈ નાથાભાઈ પારેખ (ટ્રસ્ટી)
શ્રી અરવિંદભાઈ જે. શર્મા (યુએસએ)
શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
શ્રી સંજયભાઈ સી. પારેખ (ટ્રસ્ટી)
શ્રી મહેશભાઈ જોટંગિયા (ટ્રસ્ટી)
શ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી
શ્રી દિલીપભાઈ જે. વાઘેલા
શ્રી હસમુખભાઈ આર. પારેખ

**: હિસાબી-વહિવટી પાંખ :**

શ્રી વિપુલભાઈ વી. દલાલ
શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય
શ્રી નરોત્તમભાઈ એચ. નાયી

**: એડવાઈઝરી કમિટિ :**

શ્રી શરદભાઈ જે. શર્મા (વિજાપુર)
શ્રી અશોકભાઈ એ. વૈદ્ય (મહેસાણા)
શ્રી પ્રકાશચંદ્ર એન. વૈદ (હિંમતનગર)
શ્રી રમેશભાઈ એસ. વાળંદ
શ્રી ધીરજભાઈ અમરતલાલ લિંબાચીયા
શ્રી પ્રવિણભાઈ શર્મા
શ્રી ભભૂતમલ જવાનજી સેન
શ્રી સોમાભાઈ ખુશાલદાસ લિંબાચીયા (ઉનાવા)
શ્રી કમલેશકુમાર રમણલાલ શર્મા (ઈસનપુર)
શ્રી દિપેશભાઈ મનુભાઈ શર્મા (ભાણસા)

**: પ્રચાર-પ્રસાર કમિટિ :**

શ્રી રાજેશભાઈ વાજા, સેનબંધુ સમાજ (સુરત)
શ્રી દામજીભાઈ ગોંડલિયા, સેનમિત્ર (રાજકોટ)
શ્રી વિપુલભાઈ વાળંદ સમાચાર (ભાવનગર)
શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયા (અમદાવાદ)
શ્રી શૈલેશભાઈ એન. નાયી (દિયોદર)

# વાળંદ વિકાસ

Email : valandvikas@valandsevasangh.org

તંત્રી : **શ્રી અરવિંદભાઈ એસ. વૈદ્ય**
મો : ૭૮૭૪૮૬૯૨૪૭

પ્રકાશક : **શ્રી બાલુભાઈ બી. પારેખ**
મો. : ૯૪૨૮૫૦૩૨૯૧

સહતંત્રી : **શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી) (પાલ્લા)**
મો. : ૯૪૨૬૩૯૧૩૦૨

સંપાદક : **શ્રી શંકરલાલ એમ. ભાટીયા**
મો. : ૯૪૨૬૦૮૫૪૮૮

| વાર્ષિક લવાજમ | આજીવન લવાજમ |
|---|---|
| દેશમાં રૂા. ૧૫૦/- | દેશમાં રૂા.૧૫૦૦/- |
| પરદેશમાં રૂા. ૧૫૦૦/- | પરદેશમાં રૂા.૧૫૦૦૦/- |


૧. વાળંદ વિકાસ એ જ્ઞાતિના વાચકોને વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડતું પ્રિન્ટ મીડિયાનું માધ્યમ છે. તેમાં પ્રસિદ્ધિ પામતું લખાણ સંસ્થાના રેકર્ડમાં જરૂરી રહે છે. જેથી વા.વિ.ને છાપવા માટે લખાણ મોકલનારે ફુલસ્કેપ કાગળ પર ટાઈપ કરી અથવા સારા અક્ષરે પોતાના નામ-સંપર્ક નંબર સહિત લખી કાર્યાલયના સરનામે મોકલી આપવું. બહુ જરૂરી હોય તો લખાણનો ફોટો પાડી વૉટ્સએપથી તંત્રીને મોકલવું. આ સિવાય પોતાના મોબાઈલ પર ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ મેસેજ સ્વરૂપનું લખાણ મોકલવું નહિ. આવું લખાણ વાળંદ વિકાસમાં છાપી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૨. વાળંદ વિકાસમાં પ્રસિદ્ધિ માટે આવતું મેટર, લેખ, બહુવિધ સુરુચિ જળવાય તેની યોગ્યતા ચકાસી ઉપલબ્ધ રહેતી જગ્યા અનુસાર સમાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસના લવાજમ, સરનામાં ફેરફાર, અંક ન મળ્યો હોવાની રજુઆત **કાર્યાલયના મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિમ્બાચીયાનો સંપર્ક તેમના મો. ૯૫૧૦૦૮૩૩૨૬ પર અથવા સંપાદક શ્રી શંકરલાલ ભાટીયા મો. ૯૪૨૬૦૮૫૪૮૮ પર જાણ કરવી.** જે ચકાસણી કરી હકીકત જણાવશે. વ્યાજબી અને પૂરતા અગત્યના કારણો સિવાય તંત્રી-પ્રકાશકને સીધી રજુઆત નહિ કરવા નમ્ર વિનંતી છે.

૪. વાળંદ વિકાસનું લવાજમ કે તેમાં પ્રસિદ્ધ થતા બાયોડેટા, શ્રદ્ધાંજલિ, જ્ઞાતિ-ગૌરવ વિગેરે માટેના દરનાં નાણાં 'વાળંદ વિકાસ'ના નામે એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી શકાય છે અથવા નીચેની બેંકની વિગતો મુજબ બેંક ખાતામાં સીધેસીધાં ભરી શકાશે. નાણાં સીધેસીધાં જમા કરાવવાના કિસ્સામાં જમા રસીદની ઝેરોક્ષ નકલ કાર્યલયમાં તુર્તજ મોકલી આપવાની રહેશે.

| | |
|---|---|
| બેંકનું નામ | : **બેંક ઓફ ઇન્ડિયા** |
| શાખા | : પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ |
| બેંક એકાઉન્ટ નં. | : 200110100010827 |
| ખાતાનું નામ | : વાળંદ વિકાસ |
| IFSC Code | : BKID0002001 |
| MICR Code | : 380013040 |


**-: કાર્યાલય :-**

**ગુજરાત વાળંદ સેવા સંઘ,** C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮

www.valandsevasangh.org

Email : valandsevasangh@gmail.com


# સુભાષિત

**इशावास्यमिदं सर्वं यत्किश्च जगत्यां जगत।**
**तेन त्यक्तेन भुंजीथा मा गृधः कस्य स्विद् धनम ॥**

**આ જગતની અંદરની પ્રત્યેક જડ અને ચેતન વસ્તું ભગવાન દ્વારા નિયંત્રિત છે અને તેમની સંપત્તિ છે. એવું માનીને જે બીજાના ધનને છીનવી લેતો નથી તથા પોતાના ધનના અમુક ભાગને દીનદુઃખીયાઓ માટે વાપરે છે અને એ રીતે ત્યાગીને ભોગવે છે તેવો ધર્માત્મા પુરુષ આ લોકમાં સુખ પામે છે.**

**- શ્રી ઈશોપનિષદ્**

શ્રી વિનોબાભાવેએ શ્રી ઈશોપનિષદના ઉપરોક્ત શ્લોકનું ગુજરાતીમાં નીચે પ્રમાણે સરસ અનુવાદ કર્યો છે.

ઈશનું રાજ છે સંધું જે જે આ જગતિ વિષે
ત્યાગીને ભોગવી જાણો, વાંછો મા ધન અન્યનું.

ઈશોપનિષદનો આ પ્રથમ શ્લોક એટલો અર્થસભર છે કે મહાત્મા ગાંધીએ એના વિષે લખ્યું છે 'બધા ઉપનિષદો અને બધા શાસ્ત્રો નાશ પામે પણ એકમાત્ર ઉપનિષદનો આ પ્રથમ શ્લોક હિંદુસ્તાનની સ્મૃતિમાં સંગ્રહાયેલો રહે તો પણ હિંદુ ધર્મ કાયમ માટે જીવતો રહે.'

આ સમગ્ર સંસાર ઈર્શ્વરમય છે. પરમાત્મા દરેક જગ્યાએ કણેકણમાં રહેલો છે. પ્રાણીમાત્ર તેની શક્તિ દ્વારા કાર્યરત રહે છે. સંસારના તમામ ભોગવવા લાયક પદાર્થો, ધન ધાન્ય તેની કૃપાથી જ ઉત્પન્ન થાય છે. પરંતુ આપણું દુર્ભાગ્ય છે કે મનુષ્ય આ વાસ્તવિકતાને ઓળખી શકતો નથી. સંસારમાં જેટલું મળે હક્કનું કે ના હક્કનું બધું જેટલું બને એટલું ભેગું કરવાનો અધિકાર છે અને એને ભોગવવાનો પોતાનો અધિકાર છે એવું મિથ્યા વિચારી ભોગ વિલાસમાં રચ્યો પચ્યો રહે છે એ સાચું છે કે ભગવાને મનુષ્ય માટે જ આ બધી વસ્તુઓ પેદા કરી છે પરંતુ સાથે સાથે એવો પણ નિર્દેશ કરેલો છે કે દરેક ભોગને ત્યાગપૂર્વક ભોગવવામાં આવે. માત્ર જરૂરિયાત જેટલું જ પોતાના માટે રાખે બાકીનાનો અન્ય પ્રાણીઓ માટે ત્યાગ કરે. એમાં જ એનું તથા સર્વ માનવસમુદાયનું કલ્યાણ સમાયેલું છે.

**(અનુસંધાન પેજ નં. ૯ પર)**



## પ્રમુખશ્રીની કલમે

મારા વ્હાલા જ્ઞાતિજનો, ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સમાજના સર્વે દિલેર દાતાશ્રીઓ, વિદેશમાં વસતા આપણા સર્વે સ્નેહીજનો તથા આપણા સમાજભવનના નવા પ્રોજેક્ટ માટે સંવેદનશીલ તમામ હિતેચ્છુઓને દિલથી આવકારું છું. તેમને પ્રણામ કરું છું.

મારા આજ સુધીના વાળંદ વિકાસમાં પ્રમુખશ્રીની કલમેમાં નાનામાં નાના જ્ઞાતિજનથી સમાજશ્રેષ્ઠી દાતાઓ પાસેથી આપણા આ છાત્રાલયના નવા બિલ્ડીંગના પ્રોજેક્ટ માટે દાનની અપિલ કરતો આવ્યો છું. આ અંગે સારો એવો પ્રતિસાદ પણ સમાજના દાતાશ્રીઓ તરફથી મળી રહ્યો છે. જેની અત્રે નોંધ લેતાં ગૌરવ અનુભવું છું. તાજેતરમાં તા. ૧૬-૩-૨૦૨૫ના રોજ સમાજ ભવન દર્શન અને સમાજ શ્રેષ્ઠીઓનું અભિવાદન કાર્યક્રમ ખડાયતા છાત્રાલય, ગુલબાઈ ટેકરા ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં સમાજના આગેવાન શ્રેષ્ઠીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેમાંથી રાજ્ય બહારના સમાજ શ્રેષ્ઠીઓ, જેવા કે કિશન લાલજી તંવર, રાજસ્થાન, શ્રી મહેશભાઈ ખંડોલકર, ગોવા, શ્રી વેંકટરામન, બેંગલોર, શ્રી સંજયભાઈ ગોવલેકર, ગોવા તથા ગુજરાત યુનિ.ના પ્રોફેસર મયુરીબહેન ભાટીયા વગેરે હાજર રહ્યા હતા તથા સૌએ પોતાનો અમુલ્ય ફાળો આપ્યો હતો. આ સમારોહના અધ્યક્ષસ્થાને ભાલ બાવન સમાજના પ્રમુખશ્રી અને એડવોકેટ એવા શ્રી હસમુખભાઈ રાઠોડ બિરાજમાન હતા. તેઓશ્રીએ આ સમાજભવન માત્ર છ માળનું નહીં પણ અગિયાર માળનું બને તેવી શુભેચ્છા પાઠવી હતી. તથા તેના માટે આખાયે સમાજને જાગૃત કરવા દરેક હોદ્દેદાર અને હાજર રહેલ જ્ઞાતિજનોને વિનંતી કરી હતી. આ અંગેનો વિગતવાર અહેવાલ મંત્રીશ્રી ભાનુભાઈ વૈદ્યે આ અંકમાં આપ્યો છે જે વંચાણે લેવા વિનંતી છે. આ સમારોહમાં સ્ટેજ ઉપરના મહેમાનો તથા હાજર રહેલ જ્ઞાતિજનો દ્વારા આશરે રૂપિયા બાવન લાખ જેટલી માતબર રકમ દાન પેટે નોંધાયેલ છે. જેની વિગત પણ આ અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે.વે દાતાશ્રીઓનો અને અત્રે આભાર માનું છું. આ દાન વહેલીતકે ચેક અથવા ઓન લાઈન મોકલાવી આભારી કરશોજી.

આ કાર્યક્રમના આયોજક શ્રી પ્રવિણભાઈ એચ. શર્મા તથા તેમની ટીમ હતી. જેઓના આયોજનથી આ કાર્યક્રમ સફળ થયો છે. તેની નોંધ લેવામાં આવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવામાં જેમણે પ્રત્યક્ષ અથવા પરોક્ષ સહયોગઆપ્યો છે તે સર્વેનો અત્રે આભાર માનું છું. આ કાર્યક્રમ માત્રને માત્ર શ્રી પ્રવિણભાઈ શર્માજી અને તેમની ટીમ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. તથા તે અંગેની સમગ્ર જવાબદારી તેઓશ્રીની હતી. આ બાબતે ટ્રસ્ટીમંડળ તથા હોદ્દેદારોએ વિશેષ રોલ ભજવવાનો નહોતો. આથી આ અંગે કોઈ ટ્રસ્ટીશ્રીને ગેરસમજ થઈ હોય તો દૂર કરવા વિનંતી છે.

તા. ૧૭-૩-૨૦૨૫ના રોજ ધાન્ધાર જથ નાયી સમાજ પાલનપુર, બનાસકાંઠા દ્વારા આયોજિત કૂળદેવી મા લિંબચ માતાજીના પાટોત્સવમાં તેમના આમંત્રણને માન આપી અત્રેથી શ્રી ભાનુભાઈ વૈદ્ય, શ્રી ધર્મેન્દ્રભાઈ નાયી, શ્રી અશોકભાઈ વૈદ્ય, શ્રી પ્રવિણભાઈ શર્મા તથા શ્રી રમેશભાઈ વૈદ્ય હાજર રહ્યા હતા. આ સમયે ધાન્ધાર જથ નાયી સમાજના સાતેય દેશના (જથ) પ્રમુખ/મંત્રીશ્રીઓ અને જ્ઞાતિજનોની હાજરીમાં અત્રેથી બંધાઈ રહેલ નવીનતમ વિદ્યાર્થીભવનની માહિતી રજુ કરતાં સંસ્થાના હોદ્દેદારોએ રૂપિયા એકવીસ લાખ જેટલા માતબર દાનની જાહેરાત કરવામાં આવી હતી. અત્રે આભાર સહ નોંધ લેવામાં આવે છે.

તાજેતરમાં થોડાક મિત્રો દ્વારા સમાજના ગ્રૃપમાં ગુજરાત વાળંદ સેવા સંઘના વહીવટ અંગે સુફીયાણી વાતો કરે છે. જે અંગે મારે જણાવવાનું કે સંસ્થાનો વહીવટ તદ્દન પારદર્શક અને સ્વચ્છ છે. સંસ્થાના હિસાબો નિયમિત થાય છે તથા દાનની વિગતો પણ વાળંદ વિકાસમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. ગુજરાત વાળંદ સેવા સંઘ દ્વારા એક વેબસાઇટ તૈયાર કરવામાં આવી રહી છે તથા ટૂંક સમયમાં આ વેબસાઇટ કામ કરતી થઈ જનાર છે. જેમાં આપણા સમાજના દરેક જથ, ગોળ, વિસ્તારની માહિતી, સંસ્થાની વહીવટી અને હિસાબ અંગેની માહિતી તથી સમાજના રોજબરોજના

સમાચારો આ વેબસાઇટ ઉપર મુકવામાં આવનાર છે. જે પારદર્શક વહીવટ માટેનું એક પ્રથમ પગલું છે. જેની નોંધ લેશો. જે મિત્રો આ બાબતે ગેરસમજ ઊભી કરે છે તેઓશ્રીને જણાવવાનું કે આપણી એક અંગુલી સમાજને બતાવીએ છીએ તેની સામે આપણી ચાર અંગુલી પોતાની સામે રહે છે. આપના યોગદાનની નોંધ આખા સમાજે લીધી છે ! ટૂંકમાં સમજવા કોશીશ કરશો ! સમાજના આ ભગીરથ કાર્યમાં દરેકનો સહકાર અને પ્રેમ માગું છું. આ ભવન સત્વરે તૈયાર થઈ આપણા સમાજના વિદ્યાર્થીઓ વહેલી તકે રહે તે એક જ ઉદ્દેશ છે. સમાજ સર્વોપરી છે. સમાજથી વ્યક્તિનો વિકાસ થાય છે અને વ્યક્તિના વિકાસથી સમાજનો ઉદ્ધાર થાય છે. અત્રે વિશેષ ન લખતાં મારી કલમને વિરામ આપું છું.

**આપનો**
**વિપુલ વી. દલાલ**
**પ્રમુખ, ગુજરાત વાળંદ સેવા સંઘ**

## ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ માટે ફેબ્રુઆરી-૨૦૨૪ માસમાં

### જમા થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૨૫,૦૦૦/- | હેતલ દિલીપભાઈ ભગત, અમદાવાદ |
| ૧,૨૧,૦૦૦/- | લલ્લુભાઈ માધવલાલ લીબાચીયા પરિવાર, ઉંઝા (હાલ યુ.કે.) |
| ૫૧,૦૦૦/- | ડૉ. દિપકભાઈ રમેશભાઈ શર્મા, ગાંધીનગર |
| ૧,૦૦,૦૦૦/- | વિપુલભાઈ વી. દલાલ, અમદાવાદ |
| ૨,૦૦૦/- | પ્રકાશભાઈ શિવાભાઈ પારેખ, ખંભાત |
| ૨,૦૦૦/- | પ્રકાશભાઈ શિવાભાઈ પારેખ, ખંભાત |
| ૫,૧૫૧/- | વિપુલભાઈ વી. દલાલ |
| ૫૧,૦૦૦/- | ચીમનભાઈ નારણભાઈ નાયી, નવા ઊંટરડા, હાલ લેસ્ટર (યુ.કે.) |
| ૫,૧૦૦/- | શંકરભાઈ કરશનભાઈ પારેખ, ચુંવાળ જથ, અમદાવાદ |
| ૫૧,૦૦૦/- | અરવિંદભાઈ પોપટભાઈ લિંબાચીયા, જીતપુર |
| ૧૧,૧૧૧/- | સૌરીન બબુલાલ વાળંદ, ડાભા |
| ૫,૧૦૦/- | રાહુલભાઈ રામાભાઈ વાળંદ, ચોયલા |



રૂ. ૧,૧૧,૧૧૧/-
સ્વ- રમણીકલાલ જેઠાલાલ ચારોલા (હળવદવાળા) હસ્તે - મનીષભાઈ રમણીકલાલ ચારોલા (અમદાવાદ), પરેશભાઈ રમણીકલાલ ચારોલા (હળવદ), Mob - 8866101856

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૨૫,૦૦૦/- | ભાનુભાઈ એન. વૈદ્ય, અમદાવાદ |
| ૧,૦૦,૦૦૦/- | વિજયભાઈ ડી. બગથરીયા, અમદાવાદ |
| ૧૫,૦૦૦/- | મિતુલભાઈ મનહરભાઈ, |
| ૧,૧૦,૦૦૦/- | વસંતભાઈ ડી. શર્મા પરિવાર, લુમ્બાસા, કોન્ગ્રો |
| ૧૧,૦૦૦/- | દિપિકાબેન વી. શર્મા |
| ૧૧,૦૦૦/- | કરણભાઈ વી. શર્મા |
| ૧૧,૦૦૦/- | માનસી ડી. વાળંદ |
| ૬,૦૦૦/- | મધુબેન ડી. વાળંદ |
| ૫૧,૦૦૦/- | કૌશીક ગુણવંતરાય લીંબાચીયા, અમદાવાદ |
| ૫૧,૦૦૦/- | ઉદયન ગુણવંતરાય લીંબાચીયા, અમદાવાદ |
| ૫૧,૦૦૦/- | યોગેશ ગુણવંતરાય લીંબાચીયા |
| ૫૧,૧૫૧/- | અમરતલાલ પુરુષોત્તમભાઈ નાયી, અમીયાપુરા, હાલ લેસ્ટર (યુ.કે.) |
| ૧,૦૦,૦૦૦/- | રવિ વિજયભાઈ બગથરીયા |
| ૧,૦૦,૦૦૦/- | મહેશભાઈ પી. જોટંગીયા |
| ૧,૦૦,૦૦૦/- | વિજયભાઈ એમ. લીંબાચીયા |
| ૧૧,૦૦૦/- | સ્વ. ભાવનાબેન અતુલભાઈ વાજા, હસ્તે દેવાંગ અતુલભાઈ વાજા, હર્ષિત અતુલભાઈ વાજા, બાબરા-અમરેલી |

### જાહેર થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૫૧,૦૦૦/- | સમુબેન ગુલાબચંદ શર્મા, હસ્તે જસવંતભાઈ શર્મા તથા શ્રીમતિ ધર્મિષ્ઠાબેન શર્મા, અમદાવાદ |

માનવંતા દાતાશ્રી તથા દાન માટે પ્રેરણારૂપ બનનાર સહુનો ગુ. વા. સેવા સંઘ આભાર વ્યક્ત કરે છે.

સંકલન : ભાનુભાઈ એન. વૈદ્ય,
મંત્રી, ગુજરાત વાળંદ સેવા સંઘ

## તંત્રીશ્રીની કલમે...

તાજેતરમાં ઘોડાસરમાં આવેલ નિરામય વૃદ્ધાશ્રમમાં 'શબ્દોની શક્તિ' ઉપર નવસર્જન પ્રોગ્રામમાં સેમીનાર યોજાયો. નિરામય વૃદ્ધાશ્રમના સંચાલક છે આપણી વાળંદ જ્ઞાતિના ડૉ. જતીનભાઈ પાડલીયા જેમણે સાયકોલોજીમાં વૃદ્ધો અને વડીલો (સિનિયર સિટિઝન) ના માનસિક સ્વાસ્થ્ય ઉપર અભ્યાસ કરી Phd.ની ડિગ્રી મેળવી છે. તેમણે આ વિષય ઉપર ખૂબ જ ઊંડો અભ્યાસ કર્યો છે અને વૃદ્ધોની વેદનાઓ સમજીને તેમણે નિરામય વૃદ્ધાશ્રમ ખોલ્યો છે. આ વૃદ્ધાશ્રમમાં આવતા વૃદ્ધોના સંતાનોને સમજાવીને તેમને ઘર વાપસી પણ કરે છે.

આપણા સાંપ્રત સમાજની એ કરૂણતા છે કે આજે ઠેર ઠેર વૃદ્ધાશ્રમો ખૂલતા જાય છે અને તેમાં વૃદ્ધોના પ્રવેશ માટે પણ વેઈટીંગ ચાલે છે. માણસ જ્યારે નિવૃત્ત થાય છે ત્યાર પછી તેની ઘરમાં તથા સમાજમાં ઉપેક્ષાઓ થતી હોય છે. ટૂંકા પગારમાં પણ નાના મકાનમાં રહી બે ત્રણ દિકરાઓ સાથે કરકસરભર્યું જીવન જીવીને, સારું શિક્ષણ આપીને જે દિકરાઓને ભણાવ્યા તે દિકરાઓ લગ્ન પછી બદલાઈ જાય છે. ઊંચી નોકરીઓ મેળવી, ઊંચા પગારોથી મોટા બંગલા કે ફ્લેટમાં રહેતા આ સંતાનો પાસે વૃદ્ધ મા-બાપને રાખવા જગા નથી. બે દિકરા હોય તો મા-બાપના છ-છ મહિના રાખવાના વારા કાઢે છે. કેટલાક તો કહે છે કે મમ્મી મારી પાસે રહેશે અને તું પપ્પાને રાખ. મા-બાપની આ ન સહી શકાય એવી વેદનાઓ અમિતાભ બચ્ચન તથા હેમા માલિની અભિનીત ફિલ્મ બાગબાનમાં સુપેરે બતાવી છે. પોતાના જીવનમાં ઊંચી કારકીર્દીની છલાંગો મારતા તથા અંતરંગ મિત્રમંડલમાં વૈભવી જીવન જીવતા આ સંતાનો મા-બાપની ઉપેક્ષા કરે છે. આજે તમો તમારા સંતાનોને જે લાડકોડથી ઉછેરો છો તેવા જ લાડ તમારા મા-બાપે તમને લડાવ્યા છે. તમારા કોડ પૂરા કરવા તથા કેળવણી આપવા તમારા મા-બાપે એમના મોજશોખની કુરબાની આપી છે. પેટે પાટા બાંધીને તમને પાળ્યા પોષ્યા છે એ જ મા-બાપ વૃદ્ધ થાય છે ત્યારે સંતાનો પૂછે છે કે તમે અમારા માટે શું કર્યું છે ? કેવી કરૂણતા... સંત પુનિતે કહ્યું છે કે -

**લાખો કમાતા હો ભલે મા-બાપ જેમાં ના ઠર્યા**
**એ લાખ નહી પણ રાખ છે એ માનવું ભૂલશો નહીં.**

મા-બાપ વૃદ્ધાવસ્થાએ પહોંચે છે ત્યારે સંતાનોનો યૌવનનો મધ્યાહન તપતો હોય છે. અરમાનોનો સાગર ઘૂઘવતો હોય છે. સંસારના તમામ સુખ માણી લેવાની હોંશ પ્રબળ બનેલી હોય છે. ધન સંચય અને ઉચ્ચ કારકિર્દી તથા ભૌતિક સુખો ભોગવવાની અપેક્ષાઓ પણ જીવનમાં મહત્ત્વનું સ્થાન લેતી હોય છે. આ સ્થિતિમાં માબાપની દરકાર રાખવામાં કચાસ રહેવાની શક્યતા પૂરેપૂરી રહેતી હોય છે. વૃદ્ધોની ઉંમર વધવાની સાથે સાથે શારીરિક વ્યાધિઓ પણ ઘર જમાવતી હોય છે. ડાયાબીટીસ, બી.પી. ઘૂંટણના તથા સાંધાના દુઃખાવા વગેરે રોગોની શરૂઆત થાય છે. યાદશક્તિ પણ નબળી પડે છે. આંખો તથા કાન પણ નબળા પડતા જાય છે. આવા સમયે દરેક વૃદ્ધ મા-બાપની સંતાનના પ્રેમ, હૂંફ તથા લાગણીના સથવારાની જરૂર રહે છે. આજે આપણું એક નાનું-મોટું કામ કરી આપનાર પર યુવા પેઢી ઓળઘોળ થઈ જાય છે. થેંક યુ વેરી મચ કહેતાં ધરાતી નથી તો મા-બાપના ઉપકારોની યાદી બનાવો તો આખો ગ્રંથ લખાય પણ આવું બધું સમજવાની યુવા દિકરાઓને જરા પણ દરકાર નથી. મા-બાપની ઉપેક્ષા એ સામાજિક કલંક છે. જેમ મૂર્તિ એ માત્ર પથ્થર નથી પણ પથ્થરમાં ભગવાન છે એમ હાડ-માંસના શરીરમાં માતા-પિતા માત્ર હાડમાંસ નથી પણ શરીરમાં બિરાજમાન પરમાત્મા છે. પણ આ જ્ઞાન મા-બાપના મૃત્યુ પછી કદાચ લાધે છે પણ ત્યારે ખૂબ જ મોડું થઈ ગયું હોય છે. અહીં જે સરકારી નોકરીમાંથી નિવૃત્ત થાય છે અને જેમને પેંશન આવે છે તે મા-બાપ તો ઓછા દુઃખી છે પણ જે ખાનગી નોકરીમાંથી નિવૃત્ત થાય છે અને જેમને પેન્શન મળતું નથી એવા ૭૫-૮૦ વર્ષના વૃદ્ધોને પણ હું ડગમતા પગે સિક્યોરીટીની નોકરી કરતા જોઉં છું. કેટલી બધી મજબૂરી...

હવે સેમીનારની વાત કરીએ તો શબ્દ એક ચિત્ર ક્રિએટ કરે છે, તેનાથી લાગણી ક્રિએટ થાય છે અને લાગણીના આધારે નિર્ણય લેવામાં આવે છે. આપણે કે કોઈને બોલેલા કઠોર શબ્દો માનસપટલ ઉપર ઘેરો પ્રભાવ પાડે છે અને જીંદગીભર આવા કઠોર શબ્દો ભૂલાતા નથી. માટે આપણે વાણી હંમેશાં મીઠા શબ્દોથી જ બોલવી જોઈએ. કોઈના પણ હૃદયને આપણા કારણે દુઃખ ન પહોંચે તેનું નામ ધર્મ અને કોઈકનું હૃદય આપણા ભરોસે હૂંફ અનુભવે એનું નામ કર્મ. સંત કબીરે કહ્યું છે કે -

**एसी बानी बोलीए, मनका आपा खोय ।**
**आपहु को शीतल करे, औरन को सुख होय ॥**

**– અરવિંદભાઈ એસ. વૈદ્ય**

# ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ દ્વારા આયોજિત સમાજ ભવન દર્શન / સમાજ શ્રેષ્ઠી અભિવાદન સમારોહ




ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ દ્વારા આયોજિત સમાજ ભવન દર્શન / સમાજ શ્રેષ્ઠી અભિવાદન સમારોહ તા. ૧૬-૩-૨૦૨૫ને રવિવારે સુભારતી પ્રાર્થના ભવન, ખડાયતા છાત્રાલય, ગુલબાઈ ટેકરા, અમદાવાદ ખાતે સવારના ૧૦-૩૦થી બપોરના ૧-૩૦ સુધી યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં ગુજરાતના તેમજ ગુજરાત બહારના પણ સમાજ શ્રેષ્ઠીઓએ ભાગ લીધો હતો. સૌ પ્રથમ માનવંતા મહેમાનોને મંચ પર સ્થાન આપવામાં આવ્યું. સમાજના અધ્યક્ષસ્થાને ભાલ બાવન સમાજના પ્રમુખ શ્રી હસમુખભાઈ રાઠોડ અમદાવાદ (એડવોકેટ/બિલ્ડર)ની વરણી થઈ. ગુજરાતના લોકલાડીલા ગાયક કલાકાર શ્રી વિષ્ણુભાઈ પનારા દ્વારા માતાજીની સ્તુતિ કરવામાં આવી. મંચસ્થ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ સમાજના વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે ભવ્ય છાત્રાલયના નિર્માણકાર્યમાં ઝડપથી વેગ આવે તે હેતુથી સમાજમાં નાનામાં નાના માણસથી લઈને સમાજશ્રેષ્ઠીઓના યોગદાન માટે કરવાનો હેતુ છે.

સમાજસેવક નરોડાના શ્રી પી. એચ. શર્મા તથા આયોજકો શ્રી ધર્મેન્દ્રભાઈ નાયી-ટ્રસ્ટીશ્રી, શ્રી રમેશભાઈ વૈદ્ય-સમાજસેવક વગેરે તરફથી સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ઉડીને આંખે વળગે એવી વાત એ હતી કે દેશમાંથી વિવિધ શહેરોમાંથી નામાંકિત વ્યક્તિઓ આ કાર્યક્રમમાં પધારી હતી જેમાં શ્રી કિશનલાલજી તંવર-રાજસ્થાન, શ્રી મહેશભાઈ ખંડાલકર-બિલ્ડર, ગોવા, શ્રી વિષ્ણુજી સેન-બેંગલોર નર્સિંગ કૉલેજ, શ્રી વેંકટરામન્ના બેંગ્લોર, શ્રી સંજયભાઈ ગોવેલકર-ગોવા તથા ગુજરાત યુનિ. ના પ્રોફેસર શ્રીમતી મયુરીબેન ભાટીયા મુખ્ય હતા. સૌએ ગુજરાત સમસ્ત નાયી વાળંદ સમાજના વિદ્યાર્થીભવનના નવીનીકરણના આધુનિકરણની રૂપરેખાનો ચિતાર જાણી આનંદ વ્યક્ત કર્યો હતો. સમાજના ઉત્થાન માટે સૌએ પોતાના વક્તવ્ય આપી આ વિદ્યાર્થીભવનમાં સૌને યોગદાન આપવા આહ્‌વાન કર્યું હતું. સાથે સાથે આ આમંત્રિત મહેમાનોએ પણ પોતાના યોગદાનની જાહેરાત કરી હતી તથા ગુજરાતના સૌથી મોટા વિદ્યાર્થીભવનને આર્થિક સહયોગ સાથે દેશભરની ઉત્તમ સંસ્થા બની રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

શિક્ષણનું મહત્વ દિન-પ્રતિદિન સમજાવતાં ઉપસ્થિત વિવિધ સંસ્થાના હોદ્દેદારો, શ્રેષ્ઠીઓ તેમજ શિક્ષણપ્રેમીઓએ દાનની જાહેરાત કરતાં લગભગ ૫૨ લાખ જેટલી માતબર રકમ જાહેર થઈ છે જે કાર્યક્રમની સફળતા બતાવે છે.

સભાના અધ્યક્ષસ્થાનેથી ભાલ બાવન સમાજના




પ્રમુખ શ્રી હસમુખ રાઠોડે આ ભવન અગિયાર માળનું બની રહેશે તથા તેમણે પણ રૂા. ૧૧ લાખના દાનની જાહેરાત કરી હતી જેણે સભાએ તાળીઓના ગડગડાહટથી વધાવી લીધી હતી.

ગુજરાત વાળંદ સેવા સંઘના પ્રમુખ શ્રી વિપુલભાઈ દલાલે જણાવ્યું હતું કે સમાજનો નાનામાં નાનો માણસ પણ એક ચોરસ ફૂટના રૂા. ૫,૧૫૧/- પ્રમાણે આપશે તો આપણું લક્ષ્ય જરૂર સિદ્ધ થશે. તેમને વિવિધ સમાજના મહાનુભાવોને દાન આપવા નમ્ર અપીલ કરી હતી. સંસ્થાના મંત્રી શ્રી ભાનુભાઈએ જણાવ્યું હતું કે સાથી હાથ બઢાના, એક અકેલા થક જાયે તો મિલકર બોજ ઉઠાના - એમની ભાવવાહી શૈલીમાં સંસ્થામાં યોગદાન આપવા અપીલ કરી હતી.

સભાનું સુરૂચીપૂર્ણ સંચાલન સંસ્થાના મંત્રી શ્રી ભાનુભાઈ વૈદ્ય તથા નાની છાસઠ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ સાલડી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામની આભારવિધિ કોષાધ્યક્ષ શ્રી નરોત્તમભાઈ નાયીએ કરી હતી. કાર્યક્રમના અંતે સૌએ ઝડપથી આ ભવન સમાજને મળી જાય તેવી શુભેચ્છાઓ સાથે સ્વાદિષ્ટ ભોજન લઈ છૂટા પડ્યા. આ પ્રસંશનીય કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા ન્યૂઝ ચેનલ જેવી કે શ્રી રમણભાઈ લિંબાચીયાની સમાજદર્શન ચેનલ, ઇન્ડિયા ન્યૂઝ અને આંખો દેખી ચેનલો ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમનો આંખે દેખ્યો અહેવાલ સોશ્યલ મિડીયા દ્વારા પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

**શ્રી ભાનુભાઈ વૈદ્ય**
**મંત્રીશ્રી ગુજ. વાળંદ સેવા સંઘ, અમદાવાદ**

**( પેજ નં. ૪નું અનુસંધાન, સુભાષિત )**

આ સંપત્તિ કેવી છે આ મૂળભૂત સવાલને જ આપણે ભૂલી જઈએ છીએ. આ તમામ પ્રકારની સંપત્તિ બીજા કોઈનીએ નથી પરંતુ પરમાત્માની માલિકીની છે. જે અનંતકાળથી હતી અને આજે પણ છે અને સદાને માટે પરમાત્મા જ તેનો માલિક રહેશે. આપણે તો અલ્પ સમય માટે જ આ સંસારમાં જન્મ ધારણ કરીને આવ્યા છીએ અને સાંસારિક સુખો, ભોગો ભોગવી આપણા કર્મો પ્રમાણે આગળની યાત્રા માટે ચાલી જવાના છીએ. આ બધું ભેગું કરેલું આપણી સાથે આવવાનું નથી કે આપણે સાથે લઈ જઈ શકવાના નથી. દરેક માણસ જન્મ લઈને ખાલી હાથે આવે છે અને મૃત્યુ થતાં ખાલી હાથે જાય છે. તો પછી આ લોભ, લાલચની વૃત્તિ શા માટે ? માટે ત્યાગીને ભોગવો. તમારી પાસે પ્રારબ્ધના જોરે તથા પુરુષાર્થના જોરે જેટલું ભેગું કર્યું હોય એમાંથી વધું નહિ, એક ટકા, બે ટકા, પાંચટકા કે દસ ટકા યથાશક્તિ વંચિતોમાં વહેંચો તો વંચિતોના - દીનદુઃખિયાઓના - દરિદ્રનારાયણોના ચહેરા પર જે સ્મિત પ્રગટશે તેની સામે મોંઘી દાટ એલઈડીના લાઈટ્સનો પ્રકાશ પણ ઝાંખો લાગશે અને તમારા અંતઃકરણમાં તથા મુખારવિંદ ઉપર અકલ્પનીય આનંદ છવાશે. માનવજાતની સેવા એ જ પ્રભુ સેવા છે. પરમાત્મા એવા ભક્તજનોની નજીક હોય છે. એવા ભક્તજનોના હૃદયમાં રહે છે જે દીનદુઃખીઓને મદદરૂપ થાય છે. વહેંચીને ખાવાની વાત છે. ઘરબાળીને તીરથ કરવાની વાત નથી. ટૂકડામાંથી ટૂકડો આપવાનો છે. કહ્યું છે કે જે આપે ટૂકડો એને હરિ ઢૂકડો. વંચિતોના ચહેરા પર સ્મિત પ્રગટાવવાનું ઈજન છે.

ત્યાગીને ભોગવવાના આ સ્વરૂપને બરાબર સારી રીતે ઓળખી અને જીવનમાં ઉતારવાથી જ માનવજીવન સુખી અને શાંતિપૂર્ણ બની શકે છે.

•

'વાળંદ વિકાસ'માં પ્રસિદ્ધ થનાર લખાણની જવાબદારી તેના પ્રેષકની રહેશે. ગુજ. વા. સ. સંઘ, તંત્રી કે સંપાદક મંડળ હંમેશા તેની સાથે સહમત છે તેવું માનવું નહિ. – તંત્રી, વા.વિ.

**સમાજ દર્શન ભવન, સમારોહ, તા.૧૬-૦૩-૨૦૨૫ રવિવાર ના રોજનો**
**તમામ ખર્ચ સમાજના પ્રમુખશ્રી વિપુલભાઈ દલાલ દ્વારા કરેલ છે. (સંસ્થામાં ખર્ચ પાડેલ નથી.)**

| દાનની જાહેર થયેલી આવક | | દાનની આવેલ રોકડ રકમ | | પ્રસંગનો થયેલ ખર્ચ | |
|---|---|---|---|---|---|
| ૫૧૦૦૦ | પ્રો. ચેતનભાઈ લિમ્બાચીયા એમ. એસ. યુનિ. વડોદરા, હસ્તે વિજય બગથરીયા | ૩૦૦૦૦૦ | શ્રી વિનોદભાઈ નારણભાઈ પારેખ, ભાવડાવાલા | ૯૭૦૦૦ | પ્રસંગ જમણવારના |
| ૧૦૦૦૦૦ | શ્રી જીવણલાલ શીવાભાઈ પ્રમુખ, ચૂંવાળ સમાજ | ૩૧૦૦૦ | શ્રી લિંબચ પગપાળા યાત્રા સંઘ, ગાંધીનગર | ૨૫૦૦૦ | હોલ ભાડુ + ડેકોરેશન |
| ૫૦૦૦૦ | શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર, ઓઢવ | ૨૧૦૦૦ | શ્રી ભરતભાઈ માણેકલાલ સૂર્યાવાલા, ગાંધીનગર હસ્તે શ્રીમતી જયોત્સનાબેન ભરતભાઈ | ૬૮૦૦ | સાલ, મેમોન્ટો હસ્તે હર્ષદભાઈ |
| ૨૫૦૦૦ | શર્મા રમેશચંદ્ર શંકરભાઈ, શ્રી પાટણવાડા પરગણા પ્રગતિ નાયી સમાજ ટ્રસ્ટ, મહેસાણા | ૧૧૧૧૧ | ડૉ. અમરતલાલ એસ. નાયી, ગાંધીનગર | ૯૨૦૦ | હોટલના, હોટલ રૂમભાડુ, ટેક્ષીભાડુ, જમવાના, ચા, મહેમાનો માટે (બીલ મુજબ) |
| ૧૧૧૧૧ | રતનકુમાર વિરચંદભાઈ લિમ્બાચીયા, પાટણ | ૧૧૧૧૧ | શ્રી જે. પી. નાયી, ગાંધીનગર | ૫૨૫૦ | કે. બી. ડ્રેસવાલા, બીલ્લાના હસ્તે શર્મા (બીલ મુજબ) |
| ૧૧૦૦૦ | કાલી ચરણ ઠાકુર, અમદાવાદ | ૫૧૧૧૧ | સ્વ. શંભુભાઈ મોહનલાલ, ગં.સ્વ. પ્રભાબેન શંભુભાઈ હસ્તે મહેશભાઈ અને જયેશભાઈ લિમ્બાચીયા ઊંઝા,હાલ સાબરમતી, ડી-કેબીન | ૪૨૫૦ | મહાવીર ટ્રેડીંગ, સ્ટેશનરી ફોલ્ડર, રફપેડ, બોલપેન (બીલ મુજબ) |
| ૫૫૧૦૦૦ | પારેખ વિનોદકુમાર નારણભાઈ કુબડથલ, બેતાલીસ જથ વાળંદ સમાજ | ૨૬૦૦૦ | શ્રી કિરીટભાઈ ભટ્ટી | ૨૩૦૦ | પાણી (પાણી જગ) |
| ૫૧૦૦ | રાજેશકુમાર શર્મા, પોસ્ટ-ગયા, મહારણી રોડ, સ્ટેટ. બિહાર | ૧૧૧૧૧ | શ્રી વાળંદ નરેન્દ્રભાઈ ગોકળભાઈ, વિસનગર, ગાંધીનગર | ૧૬૦૦ | ટેક્ષી ભાડુ (સંસ્થા થી એરપોર્ટ) |

ગુજરાત વાળંદ સેવા સંઘ
પ્રમુખ મંત્રી ખજાનચી

ગુજરાત વાળંદ સેવા સંઘ
પ્રમુખ મંત્રી ખજાનચી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧૦૦૦ | મહેન્દ્રભાઈ હરિભાઈ પરાડીયા (Retd.PSI), ધાંધર જથ, પાલનપુર | ૧૧૧૧૧ | શ્રી અશ્વિનભાઈ લક્ષ્મીભાઈ લિમ્બાચીયા, આરબીઆઈ શ્રી રમણલાલ, થોળ | ૨૦૦૦ | પાલનપુર જવા માટે ગાડીનુ પેટ્રોલ હસ્તે પી. એચ. શર્મા |
| ૧૧૦૦૦ | બાબુભાઈ ઊજાભાઈ પરાડીયા, ધાંધર જથ, પાલનપુર | ૨૧૦૦ | શ્રી લાલજીભાઈ મગનભાઈ લખતરીયા, લિંબડી | | |
| ૫૧૦૦ | નરભેરામ મોહનલાલ ગોબી, ધાંધર જથ, પાલનપુર | | | | |
| ૫૫૫૫ | સંજયભાઈ કેશવલાલ શર્મા, શ્રી ૪૨ જથ કપડવંજ | | | | |
| ૧૧૧૧૧૧ | સ્વ.રમણીકલાલ જેઠાલાલ ચારોલા (હળવદવાળા) હસ્તે રસિકભાઈ ચારોલા, મનીષકુમાર ચારોલા, અમદાવાદ | | | | |
| ૧૦૦૦૦૦ | વિષ્ણુકુમાર, ચેરમેન સ્વામી વિવેકાનંદન ગૃપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, બેંગ્લોર | | | | |
| ૫૫૧૦૦૦ | કિશન તનવર, ચેરમેન ઈન્ટરઈન્ડીયા લોજીસ્ટીક રોડવેઝ પ્રા.લી. ગુજરાત | | | | |
| ૨૦૦૦૦ | ડૉ. વેંકટા રમન, બેંગ્લોર | | | | |
| ૨૧૦૦૦ | હાર્દિકકુમાર અરવિંદભાઈ શર્મા, નાનુ બાવન જથ, તલોદ | | | | |
| ૫૫૧૦૦૦ | નાયી મનુભાઈ શંભુભાઈ, નાની છાસઠ નાયી સમાજ, મહેસાણા | | | | |
| ૧૧૦૦૦૦૦ | હસમુખ રાઠોડ, અમદાવાદ-૫૨ | | | | |
| ૧૧૧૧૧ | સંજય રોહિત ગોવેકર, ગોવા | | | | |
| ૫૫૧૦૦૦ | બિપીનભાઈ ચીમનભાઈ શર્મા, ૨૧૨ જૂથ વાળંદ સમાજ | | | | |

ગુજરાત વાળંદ સેવા સંઘ
A/c. વાળંદ વિકાસ

પ્રમુખ મંત્રી ખજાનચી

| | | | | | |
|---|---|---|---|---|---|
| | (ખેડા, મહિસાગર, આણંદ) | | | | |
| ૫૫૧૦૦૦ | વિમલકુમાર ગોવિંદભાઈ શર્મા, ૨૧૨ જૂથ વાળંદ સમાજ (ખેડા, મહિસાગર, આણંદ) | | | | |
| ૧૧૦૦૦ | ડૉ. દલસુખભાઈ ચીમનલાલ, વડગામ પ્રમુખ, ખારાપાટ વિભાગ | | | | |
| ૧૧૧૧૧૧ | અમદાવાદ બાર્બર શોપ એસોસીએશન, પ્રમુખ-ભૂપેન્દ્ર પનારા, મંત્રી-વિજયભાઈ, ખજાનચી-પ્રવિણભાઈ | | | | |
| ૫૧૦૦૦ | શ્રીમતી કોકિલાબેન મનુભાઈ શંભુભાઈ નાયી, પુનાસણ નાની છાસઠ, ગાંધીનગર | | | | |
| ૧૧૧૧૧૧ | લાલજીભાઈ દેવજીભાઈ અમરેલીયા, ટ્રસ્ટી ચોટીલા જૂનાગઢ હસ્તે કિરીટભાઈ | | | | |
| ૧૧૧૧૧ | રજનીકાંત ગોકળદાસ નાયી, હાલ રાણીપ | | | | |
| ૧૦૦૦૦૦ | શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા, ટ્રસ્ટી અમદાવાદ | | | | |
| ૧૫૧૦૦૦ | શ્રી સુમનભાઈ પારેખ, બિલ્ડર પોરવાળા | | | | |
| ૧૧૧૧૧૧ | શ્રી બળદેવભાઈ પારેખ, લિંબચ ફાર્મવાળા, અમીયાપુરા | | | | |
| **૫૦૬૧૫૩૨** | **ટોટલ જાહેર થયેલ દાન** | **૪૭૫૬૫૫** | **ટોટલ આવેલ રોકડ દાન** | **૧૫૩૪૦૦** | **ટોટલ ખર્ચ** |

**ગુજરાત વાળંદ સેવા સંઘ**
**A/c. વાળંદ વિકાસ**

પ્રમુખ મંત્રી ખજાનચી

# પ્રાદેશિક સમાચાર

## શ્રી દોતોર જુથ લીમ્બાચીયા સમાજ ખેરાલુ ૬૭ મો પાટોત્સવ ઉજવાયો

ફાગણ સુદ ત્રીજને તા. ૨/૩/૨૦૨૫ને રવિવારે ખેરાલુ લીમ્બચ ધામમાં ઉત્સાહભેર ધામધૂમથી મા લીમ્બચનો પાટોત્સવ ઉજવાયો

શ્રી દોતોર જુથ લીમ્બચ મંદિર ટ્રસ્ટ ખેરાલુના નેજા હેઠળ સમસ્ત ખેરાલુની આજુબાજુ આવેલા ૩૬/ ગામોના લીમ્બાચીયા સમાજની કુળદેવી શ્રી લીમ્બચ મા જે ખેરાલુ મા બિરાજમાન છે તેમનો આજે ફાગણ સુદ ત્રીજના દિવસે ભવ્યાતિભવ્ય ધામધૂમથી પાટોત્સવ ઉજવાયો જેમાં સમાજના સર્વે જ્ઞાતિબંધુઓ સવારથી સાંજ સુધી અનેક રંગારંગ કાર્યક્રમો જેવા કે અન્નકૂટ ના દર્શન માતાજીની કેક અર્પણ ધ્વજારોહણમાં પાલખીની નગરયાત્રા પ્રદક્ષિણા ભોજન પ્રસાદ મહાઆરતી અને ગરબા જેવા કાર્યક્રમો સાથે માઁ લીમ્બચનો ૬૭મો પ્રાગટ્ય પ્રસંગ ઉજવાયો જેમાં માં લીમ્બચનુ મંદિરમાં જોરદાર મંડપ ડેકોરેશન આરોપણ કરેલ.

ત્યારબાદ પાટોત્સવ પ્રસંગના બપોરના મુખ્ય દાતાશ્રી સીપોર નિવાસી શ્રીમતી ચન્દ્રીકાબેન સોમાભાઈ તેમનું ફુલહાર શાલ ઓઢાડીને ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું

સાંજના ભોજન પ્રસાદના દાતા શ્રી ગોરીસણા નિવાસી શ્રી નટવરભાઈ પરસોત્તમદાસ તથા આપના મંડપના દાતા ચાડા નિવાસી શ્રી બાબુભાઇ નાયી તથા કંકોત્રીના દાતાશ્રી સીપોર નિવાસી હાલ વડનગર શ્રી સુર્યકાન્તભાઈ લીમ્બાચીયા તેમજ સાચેજ એકભક્તીમય વાતાવરણમાં મંદિર ખુબજ આકર્ષિત લાગતું હતું દર વર્ષેની માફક પ્રાગટ્ય દિન અંતર્ગત તમામ દાતાશ્રીઓ તથા બહારથી આમંત્રિત મહેમાનોને ફુલહાર તથા શાલ ઓઢાડીને ઉત્સાહભેર સન્માનિત કરવામાં આવ્યા હતા ત્યારબાદ પગપાળા સંઘો જે દર વર્ષે આવે છે તેમનું પણ ફુલહારથી સ્વાગત કર્યું હતું

લીમ્બચ માઁની પાલખી સવારી નગરયાત્રા જ્યારે નગરમાં ગુમરી રહી હતી ત્યારે મુસ્લિમ સમાજના આગેવાન શ્રીઓએ પણ મા લીમ્બચની પાલખી અને શોભાયાત્રાનું ગુલાબના પુષ્પોથી સ્વાગત કરી કોમી એકતાની અનોખી મિસાલ રજૂ કરેલ આ પ્રસંગે અકલ્પનીય ચમત્કારીક માનવ મહેરામણ લીમ્બચ ધામમાં લઇ ઉમટી પડેલ જે જોવાલાયક હતી

શ્રી દોતોર જુથ લીમ્બચ મંદિર ટ્રસ્ટના ખેરાલુના પ્રમુખશ્રી ડૉ. ઉર્વિશભાઈ વૈધ તેમજ સમાજના પ્રમુખશ્રી કાન્તીભાઈ લીમ્બાચીયા તેમજ કેળવણી મંડળના પ્રમુખ શ્રી રાજેશભાઈ તેમજ આમંત્રિત મહેમાનો તથા ભાઈ બહેનો તથા સમાજના હોદ્દેદારો તથા સર્વ જ્ઞાતિબંધુઓ સમાજને સમર્પિત કરી પધારેલા સમાજને નમસ્કાર લીમ્બચ મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો તરફથી અભિવાદન કરે છે. જય લીમ્બચ.

**લી સુર્યકાન્તભાઈ, મુ, વડનગર સીપોર**
**૯૪૦૯૦૩૮૮૫૭**

## શ્રી સોસ્તર જુથ નાયી સમાજ, વિજાપુર

શ્રી સોસ્તર જુથ નાયી સમાજ વિજાપુર આયોજીત ૪૨ મો પાટોત્સવ અને સમૂહલગ્ન પ્રસંગ ખૂબ શાંતિથી નિર્વિઘ્ને માતાજીની કૃપાથી ઉજવાઈ ગયો. સમાજના લગભગ ચાર હજાર જ્ઞાતિજનોએ ભાગ લીધો. તેમજ પરદેશ વસતા જ્ઞાતિજનોએ પણ ઉત્સાહભેર માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી. સમગ્ર પ્રસંગને સફળ બનાવવા સમાજના જ્ઞાતિજનોએ સહકાર આપ્યો તે બદલ સર્વેનો ખૂબ ખૂબ આભાર માનું છું. આ વર્ષે સમૂહલગ્નમાં શરૂઆતમાં એક પછી બીજું એક વરઘડીયું એમ કુલ બે વરઘડીયા લગ્નગ્રંથિથી જોડાયા. તેમાં સમૂહલગ્નના આજીવન દાતાશ્રીઓ તથા એક વર્ષ માટે જે ઘરવપરાશની ચીજ વસ્તુઓ આપી તેવા દાતાશ્રીઓનો પણ સંસ્થા વતિથી ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે. જો આ રીતે જરૂરીયાતમંદ પરીવારો પોતાના દિકરા-દિકરીને સમૂહલગ્નમાં જોડી લગ્ન કરશે તો ચોક્કસથી દાતાશ્રીઓ કદર કરશે. ઘણા વ્યવહારિક ખર્ચા બચી જશે અને પરિવાર સક્ષમ અને સમૃધ્ધ બનશે. બીજું આપણને રામબાગ મંદિરમાં સુંદર ભોજન વ્યવસ્થા, ઉપવાસીઓ માટે ફરાળની વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, મિનરલ પાણી બોટલની વ્યવસ્થા કરવામાં આવી

એવા ભોજનદાતા શ્રીમતિ જલ્પાબેન ધીરેનભાઈ અને શ્રી ધીરેનભાઈ નારાયણભાઈ પામોલ વાસી હાલ યુ.કે. પરીવારનો સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે. તેજ રીતે મંદિરથી રામબાગ મંદિરે રસોડા પર જવા અને આવવા માટે વાહનની વ્યવસ્થા કરવામાં આવી હતી. તે ગવાડાવાસી હાલ-અમેરિકા રહેતા દાતાશ્રી બીપીનભાઈ સી. પારેખ તરફથી ખર્ચ આપેલ છે તે બદલ સંસ્થાવતિથી દાતાશ્રીઓનો આભાર માનવામાં આવે છે. એમ અગાઉ કંકોતરીમાં નામ જાહેર કરેલ આજીવન દાતાશ્રીઓ જેવા કે ગણપતિ પૂજન વિધી, હનુમાનજી પૂજન, ધજા આરોહણ, અન્નકૂટ અને મહાઆરતી જેમના હાથે પૂજન, અર્ચના, આરતીની વિધી થાય છે તેવા અને એક વર્ષના દાતાશ્રીઓ જેવા કે સમગ્ર દેશ-વિદેશમાં કંકોતરી લખી આમંત્રણ પાઠવવામાં આવે છે તેવા કંકોતરીના દાતાશ્રી. સમગ્ર પ્રોગ્રામ આપણે તે દિવસે નિહાળીએ છીએ. તેનો ખર્ચ આપનાર દાતાશ્રી હવનપૂજા કરાવવા શાસ્ત્રીઓને ભેટ આપી તેવા દાતાશ્રી તથા માઈક સીસ્ટમની વ્યવસ્થાના દાતાશ્રીઓનો સમાજ અને સંસ્થા વતિથી ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે. તેજ રીતે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કારોબારી સભ્યશ્રીઓમાંથી તેમજ ગાંધીનગર લિમ્બર સોસ્ત્તર સમાજના યુવા મિત્રો અને વિજાપુર શહેરના ભાઈઓ યુવા મિત્રો દરેકને જે જે કમીટીઓ પ્રમાણે કામગીરી સોંપવામાં આવી તે કામગીરી સુંદર રીતે નિભાવી સફળ બનાવી તે બદલ તે કમિટીના દરેક કન્વીનરશ્રીઓ તથા સભ્યશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે. આ દિવસે સમૂહલગ્નમાં જોડાયેલ વાલીઓના દિકરા-દિકરી જે પોતાની વિચાર સરણી બદલી દરેકને પ્રોત્સાહન મળે તે હેતુસર સમાજમાં દરેક માણસ અને યુવાન દિકરા-દિકરીને પ્રેરણા મળે તે હેતુસર સમાજ આયોજીત સમૂહલગ્નમાં જોડાયા તે બદલ યુવાનો-યુવતીઓનો પણ સમાજ વીતીથી આભાર માનવામાં આવે છે. સંસ્થાના જનગણના સોવિનીયર સમાજદર્શન-૩ નું આ પ્રસંગે વિમોચન કરવામાં આવ્યું. સદર અંકે જે તૈયાર કરવામાં આવ્યો. જેમના માર્ગદર્શન નીચે એવા સંસ્થાના ઉપપ્રમુખશ્રી તેમજ પૂર્વ સોસ્ત્તર દર્શન અંકના તંત્રીશ્રી અરવિંદભાઈ એસ. વૈદ્ય અને તેમની સમાજદર્શન-૩ તૈયાર કરવામાં જેમને સહયોગ આપ્યો છે તેવા કાર્યકરો અને બીજા કાર્યમાં ભાગીદાર બની હાલની તારીખે આપણને ૧૦૦૦ અંક સંસ્થામાં વિતરણ કરવા જમા કરાવતા એવા દાતાશ્રી (૧) અરવિંદભાઈ એસ. વૈદ્ય અને સહયોગી : મનીષભાઈ એસ. નાયી વડાસણ (હાલ-અમેરિકા) વાસીનો સંસ્થા વતિથી ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવે છે. આમ સંસ્થાના સમગ્ર પ્રોગ્રામ પર દેખ-રેખ રાખી સ્વાગત વિધી પૂર્ણ થઈ ત્યાં સુધી હાજરી આપી એવા સંસ્થાના સિનીયર અને વડીલ ટ્રસ્ટી મિત્રોનો પણ સંસ્થા વતિથી આભાર માનવામાં આવે છે. પરદેશથી પધારેલ લિમ્બચ સોસ્ત્તર સમાજ યુ.કે.ના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, ટ્રસ્ટીશ્રીઓ તથા ક્રઉલીમાં બનેલ લિમ્બચ માતાજીના મંદિરના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ અને બીજા દેશોમાંથી પધારેલ જ્ઞાતિજનોએ મહોત્સવનો, સમૂહલગ્નોત્સવનો, સમાજદર્શન - વિમોચનનો અને ભોજન પ્રસાદીનો લાભ લીધો તે બદલ તે સૌનો સંસ્થા વતિથી ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે. તેજ રીતે આપણા આમંત્રણને માન આપી ગુજરાત વાળંદ સેવા સંઘના યુવા પ્રમુખશ્રી વિપુલભાઈ દલાલ સાહેબ પોતાનો કિંમતી સમય ફાળવીને ઉપસ્થિત રહ્યા તે બદલ તેમનો આભાર માનવામાં આવે છે. તે જ રીતે માતાજીની ચઢાવેલ સાડીઓ કે વધુ પ્રમાણમાં સંસ્થામાં સ્ટોક પડી રહેલો સદર સાડીઓને સરખી રીતે પેકિંગ કરી પાટોત્સવ વખતે બે જ કલાકમાં વિતરણ કરી સારી એવી રકમ ઉભી કરી સંસ્થામાં જમા કરાવેલ તેવી વિજાપુરમાં ચાલતાં ભજન મંડળની બહેનોનો પણ આ સમયે ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે. આમ, આ સંસ્થાના વિવિધ કાર્યક્રમો દરેક વર્ષે સફળ થાય છે. તેની પાછળ શરૂથી અંત સુધી હાજરી આપી જવાબદારી પૂર્વક આયોજન કરનાર આયોજકો યશ પોતાના શીરે ન લેતાં તમામ યશ સફળતા મા લિમ્બચ માતાજીના ચરણોમાં અર્પણ કરવામાં આવે છે. સદાયે મા લિમ્બચની કૃપા સમગ્ર જ્ઞાતિજનો પર વરસતી રહે તેવી મા લિમ્બચને પ્રાર્થના.

**શરદભાઈ જે. શર્મા, મંત્રીશ્રી**
**સોસ્ત્તર જુથ નાયી સમાજ, વિજાપુર**



તા.૮/૨/૨૦૨૫ના રોજ વિજાપુર લિંબચધામ ખાતે સોસ્તર જૂથ નાયી સમાજ જનગણના-૩ સોવેનિયરનું વિમોચન થયું તેમાં ડાબેથી શ્રીમતી વિમળાબેન શંકરભાઈ નાયી(સોવેનિયરના સહ સૌજન્ય દાતા શ્રી મનિષભાઈ -અમેરિકાના માતુશ્રી), શ્રી અરુણભાઈ નાયી (યુ.કે. સોસ્તર સમાજના પ્રમુખ), શ્રી મહેન્દ્રભાઈ નાયી (પ્રમુખ, યુ.કે.નાયી સમાજ), શ્રી વિપુલભાઈ દલાલ (પ્રમુખ શ્રી, ગુજરાત વાળંદ સેવા સંઘ, અમદાવાદ), શ્રી પંકજભાઈ નાયી (પ્રમુખ શ્રી, સોસ્તર જૂથ નાયી સમાજ વિજાપુર), શ્રી શંકરભાઈ નાયી (સોવેનિયરના સહ સૌજન્ય દાતા શ્રી મનિષભાઈ- અમેરિકાના પિતાશ્રી), શ્રી અરવિંદભાઈ વૈધ (સોવેનિયરના સૌજન્ય દાતા) તથા શ્રી ધીરુભાઈ નારણભાઈ શર્મા (સોસ્તર જૂથ નાયી સમાજ વિજાપુરના મહોત્સવના ભોજન દાતા -હાલ યુ.કે.)


Bhumika Travels
Overseas Consultant



S. B. Parekh
M. 9825975236
M. 9426022725

OVERSEAS CONSULTANT, AIR TICKET, PASSPORT, VISA, CONGO VISA, STUDENT VISA, IMMIGRATION, HOTEL BOOKING, PACKAGE TOURS, OVERSEAS INSURANCE

204, Span Trade Centre, Opp. Kocharab Ashram, Nr. Paldi Char Rasta, Ashram Road, Ahmedabad -380 006 Gujarat, INDIA
E-mail : bhumikatravel@gmail.com / www.bhumikatravels.com

## BIO -DATA



Name : **Dr. Shreyali R. Sharma**
Date of Birth : 9th April 1998
Education : M.D. (Ayu) 2nd Year Resident at ITRA, Jamnagar BAMS (Gold Medalist)
Height : 5' 3"
Weight : 52 Kg
Hobbies : Yoga, Music, Travelling, Reading

**Family Details**

Father : Rajeshkumar R. Sharma
Occupation : Govt. Teacher
Mother : Parulben R. Sharma
Occupation : Govt. Teacher
Brother : Darshan R. Sharma (BAMS 2nd Year)
Grandfather : Ramanlal F. Sharma (Retired Govt. Teacher)
Grandmother : Ranjanben R. Sharma
Native Place : Kathlal
Address : 7, Ishwarkrupa Society, Kathlal, Kheda, Gujarat
Contact No. : 7990855807 (Father) 7600207054 (Mother)

## BIO -DATA



**Personal Details**

Name : **Bhumika Limbachiya**
Date of Birth : 14-10-1995
Place of Birth : Ahmedabad
Time of Birth : 10:10 PM
Rashi : Sagittarius
Complextion : Medium Fair
Hobbies : Travelling, Music, Learning
Visited Countries : Germany, Poland, France, Hungary, Swetzerland and London

Contact Details


Father : Hareshbhai Limbachiya
Contact No. : +91 99130 13921
E_mail : limbachiyabhumika66@gmail.com
Current Addredd : London, United Kingdom
Education : Master in international Business Management (2022) University of East Anglia. (London, United Kingdom)
Master in Science of Professional Communication (2019), University of Social Science (Warsaw, Poland)
Bachelor in Finance and Accounting (2017), H. L. College of Commerce. (Ahmedabad, India)
Job / Occupation : Currently working as a Health Care Assistant (At London, United Kingdom)
Worked as a Quality Control Operator (At Warsaw, Poland)
Family Details : Haresh Limbachiya
Occupation : Family Business
Mother : Neetaben Limbachiya
Occupation : Beauty Salon
Brother : Darshan Limbachiya Studying at Southampton, United Kingdom

# અવસાન નોંધ

* **રાજપુર વડ :** સોસ્તરના **કમુબેન વીરચંદદાસ નાયીનું** તા. ૨૫-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **વિસનગર : પ્રવિણકુમાર મફતલાલ વૈદ્યનું** તા. ૨૪-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **સંઘપુર :** સોસ્તરના **મંગુબેન સોમાભાઈ નાયીનું** તા. ૩-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **પુંધરા :** સોસ્તરના **મધુસુદન રણછોડલાલ નાયીનું** યુ.કે. ખાતે તા. ૧૬-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **લાડોલ :** સોસ્તરના **જયંતિલાલ ધનજીભાઈ નાયીનું** યુ.કે. ખાતે તા. ૨૩-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **વાઘરોટા :** અડાઠમ જથના વાઘરોટા, તા. પ્રાંતિજ, સાબરકાંઠાના **રશ્મિકાબેન શાંતુભાઈ નાયીનું** તા. ૧૯-૨-૨૫ના રોજ અકાળે અવસાન થયું છે.
* **ગાંધીનગર :** પુંધરા વાળંદ વિદ્યાર્થીગૃહના પૂર્વ ગૃહપતિ શ્રી બળદેવભાઈ કનોજીયાના પુત્ર **ઉપેન્દ્રભાઈનું** તા. ૨૧-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **આંજણા :** અડાઠમ જથના ગોરા આંજણા તા. તલોદ, સાબરકાંઠાના **પ્રભાભાઈ જેઠાભાઈ નાયીનું** તા. ૬-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **પડધરી : હર્ષદભાઈ ધીરજભાઈ પરમારનું** તા. ૧૬-૨-૨૫ના રોજ દુઃખદ અવસાન થયું છે.
* **પાટણ : ચતુરભાઈ ચંદુલાલ નાયીનું** તા. ૧૫-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **બોરગ : રતિભાઈ વિઠ્ઠલભાઈ રાઠોડનું** તા. ૧૫-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **બરવાળા : શારદાબેન જગજીવનભાઈ પરમાર** તા. ૧૫-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **નિકોલ : સરોજબેન દશરથભાઈ નાયીનું** તા. ૧૧-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **વડોદરા : હરમાનભાઈ મગનભાઈ રાઠોડનું** તા. ૧૨-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **રૂદાતલ : સ્મિતાબેન પરેશકુમાર શર્માનું** (ઉ. ૨૦) તા. ૧૪-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **મોરબી-૧ : રજોડીયા રતિભાઈ નરસીભાઈનું** તા. ૧૬-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **હિંમતનગર : ગિરીશભાઈ ભીખાભાઈ ભાટીયાનું** તા. ૨૦-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **મુદરડા : હિતેશ વિનોદભાઈ નાયીનું** તા. ૨૦-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **મંધાલા : મધુબેન અંબાલાલ શર્માનું** તા. ૧૮-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **સોસલામ : મધુબેન અંબાલાલ નાયીનું** તા. ૧૮-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **વાંકાનેર : હિરાબેન લવજીભાઈ ધામેલીયાનું** તા. ૭-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **રાજકોટ : હિરાબેન હસમુખભાઈ રાઠોડનું** તા. ૬-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **હાલોલ (સુરત) : રણછોડભાઈ મોતીભાઈ શર્માનું** તા. ૪-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ખેરાલુ : ગોવિંદભાઈ ગણપતભાઈ નાયીનું** તા. ૮-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **બાપુનગર : લાભુભાઈ દેવસીભાઈ બજાણીયાનું** તા. ૧૦-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **કાણીયોલ : રમીલાબેન ફુલાભાઈ શર્માનું** તા. ૯-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ખંભાત : ભાનુબેન કેશવલાલ વાળંદનું** તા. ૬-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **નાનપુર (ભોટે દેવું) : સંજયભાઈ બાબુભાઈ લિંબાચીયાનું** તા. ૧૦-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ધર્મજ (વડોદરા) : જશભાઈ મોતીભાઈ પારેખનું** તા. ૭-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **મહેસાણા : નર્મદાબેન ચતુરભાઈ નાયીનું** તા. ૧૦-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **હારીજ : ભોપાભાઈ મહાદેવભાઈ નાયીનું** તા. ૮-૩--૨૫ના રોજ અવસાન થયું છે.
* **રાજકોટ : પ્રવિણચંદ્ર ગોકળદાસ રાઠોડનું** તા. ૧૦-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **રાજકોટ : વનિતાબેન ભરતભાઈ શીશાંગીયાનું** તા. ૮-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **રાજકોટ : ભરતભાઈ દિનેશભાઈ શિશાંગીયાનું** તા. ૮-૩-૨૫ના રોજ અવસાન થયું છે.

* **રાજકોટ : હર્ષ ભરતભાઈ શિશાંગીયા**નું તા. ૮-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **મવડી : રાજેશભાઈ અમૃતભાઈ દસાડીયા**નું તા. ૧૦-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **અધાર : મફતલાલ ત્રિભોવનદાસ નાયી**નું તા. ૨૫-૨-૨૫ના રોજ અવસાન થયું છે.
* **જામનગર : શાંતાબેન દયાળજીભાઈ ચુડાસમા**નું તા. ૧૦-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **રાજકોટ : જશવંતીબેન બાબુભાઈ મારું**નું તા. ૧૦-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **કેસની : મહેશભાઈ માણેકલાલ નાયી**નું તા. ૧૧-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **કપડવંજ (નડીયાદ) : રમીલાબેન અરવિંદકુમાર પારેખ**નું તા. ૧૧-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ડભોડા (ખેરાલું) : ગુણવંતલાલ મોહનલાલ લિંબાચીયા**નું તા. ૨૦-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **મુંબઈ : ધર્મેન્દ્ર હરીશભાઈ બગથરીયા**નું તા. ૧૬-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **નડીયાદ : ઉષાબેન રમેશભાઈ પારેખ** તા. ૧૬-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **જોધપુર : પ્રભાબેન જયંતિભાઈ લખતરીયા**નું તા. ૧૨-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **વડોદરા : મીનાબેન પ્રકાશભાઈ વાળંદ**નું તા. ૧૩-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **જામનગર : રાજેશ્રીબેન જીવનભાઈ મજીઠીયા**નું તા. ૧૨-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ભાવનગર : રાવજીભાઈ પ્રેમજીભાઈ વિસાણી**નું તા. ૧૫-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ચિખોદરા : હેમલતાબેન હસમુખભાઈ પારેખ**નું તા. ૧૬-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **અસલાલી : શારદાબેન ચીમનભાઈ પારેખ**નું તા. ૧૭-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ભલાડા : મણીભાઈ નાનાભાઈ વાળંદ**નું તા. ૧૬-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **સુરત : ધીરજભાઈ કાવજીભાઈ બગથરીયા**નું તા. ૧૪-૨-૨૫ના રોજ અવસાન થયું છે.

## શ્રદ્ધાંજલિ



### સ્વ. કાંતિભાઈ જી. લિંબાચીયા

**ગામ : રૂદાતલ, હાલ : અમદાવાદ**

સમાજ દર્શન ચેનલ તથા નાયી એકતા મંચના શ્રી રમણભાઈ લિંબાચીયાનાં ભ્રાતા કાંતિભાઈ જિ. લિંબાચીયાનું તા. ૧૯-૨-૨૫ના રોજ અવસાન થયું છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત છે તથા મૃત્યુ પછી જન્મ નિશ્ચિત છે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્દગતના આત્માને શાશ્વત શાંતિ આપે તથા કુટુંબીજનોને આઘાત સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના.

**ગુજરાત વાળંદ સેવા સંઘ સદ્દગતને શ્રદ્ધાંજલિ પાઠવે છે.**

* **ભાવનગર : મનુભાઈ મુકુંદભાઈ વાજા**નું તા. ૧૬-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **અમદાવાદ (વેજલપુર) :** બાવન જથના શ્રી ગોવિંદભાઈના ધર્મપત્નિ **ચંદ્રીકાબેન ગોવિંદભાઈ**નું તા. ૧૬-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **જાસ્કા (હાલ વડોદરા) :** જયેશભાઈ પ્રહલાદભાઈના **માતૃશ્રી જીવીબેન**નું તા. ૭-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ઊંઢાઈ (હાલ વડોદરા) : વસંતભાઈ પરસોત્તમદાસ લિંબાચીયા**નું તા. ૧૪-૩-૨૫ના રોજ અવસાન થયું છે.

**ઉપરોક્ત દિવંગત આત્માઓને પરમકૃપાળુ પરમાત્મા ચિરઃશાન્તિ અર્પે તેવી ગુજરાત વાળંદ સેવા સંઘની પ્રાર્થના.**

# સજળ નેત્રે શ્રદ્ધાંજલિ



## સ્વ. પ્રભાભાઈ જેઠાભાઈ નાયી

**જન્મ તારીખ : ૧૯-૫-૧૯૩૨ • સ્વર્ગસ્થ તારીખ : ૬-૩-૨૦૨૫**

**મુ. પો. આંજણા, તા. તલોદ, જિ. સાબરકાંઠા**

**જીવનભર કરી પુરુષાર્થ, સર્વત્ર ફેલાવી સુવાસ આપે;**
**અમર થઈ જીવશો, પ્રેરણા બની, અમ હૃદયમાં...**
**આપના મીઠા સ્મરણો હર હંમેશા યાદ રહેશે.**
**પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**

**-: શોકાતુર :-**

| | |
|---|---|
| વિઠ્ઠલભાઈ પ્રભાભાઈ નાયી | કાન્તાબેન વિઠ્ઠલભાઈ નાયી |
| પ્રવીણભાઈ પ્રભાભાઈ નાયી | કંચનબેન પ્રવિણભાઈ નાયી |
| જયંતિભાઈ પ્રભાભાઈ નાયી | શકુંતલાબેન જયંતિભાઈ નાયી |
| રાજેન્દ્રપ્રસાદ પ્રભાભાઈ નાયી | ગીતાબેન રાજેન્દ્રપ્રસાદ નાયી |
| વિષ્ણુભાઈ પ્રભાભાઈ નાયી | નયનાબેન વિષ્ણુભાઈ નાયી |
| કેતનકુમાર વિઠ્ઠલભાઈ નાયી | ઉષાબેન કેતનકુમાર નાયી |
| ડો. અમીત પ્રવીણભાઈ શર્મા | ડો. કુંજલ અમીતભાઈ શર્મા |
| સૌરભ જયંતિભાઈ શર્મા | મીત્તલબેન સૌરભકુમાર શર્મા |
| તુષાર રાજેન્દ્રપ્રસાદ શર્મા | કોમલ તુષારભાઈ શર્મા |
| દેવ વિષ્ણુભાઈ નાયી | જશોદાબેન, ઇન્દીરાબેન અને નયનાબેન (બહેનો) |

**કૃપા, હેત, હાર્દ, શ્રેયાન, શ્રેય, દેવર્ષ, દેવસ્થ, નેહાન,**
**સૌમ્ય, શૌર્ય, ક્રિશ, સાન્વી, વિશ્વા, વિહા**

**ગુજરાત વાળંદ સેવા સંઘ સદ્‌ગતનને શ્રદ્ધાંજલિ પાઠવે છે.**

Registered under R.N.I. No. 9377/1957. Permitted to post at Ahmedabad PSO
on 2nd day of every Month under Postal Registration No. GAMC-810/2025-2027
Dt. 12-12-2024 Valid upto 31-12-2027 issued by SSPO's Ahmedabad City Division



## શ્રદ્ધાંજલિ

## સ્વ. દિપકભાઈ શાંતિલાલ પારલેવાળા

**જન્મતારીખ : ૪-૭-૧૯૫૩**
**સ્વ. તારીખ : ૧૦-૪-૨૦૧૧**

જગતની દરેક સમૃદ્ધિ મળે પણ કલ્પવૃક્ષસમી આપની છાયા ક્યાંય ના મળે. જન્મ અને મૃત્યુ વચ્ચેના શ્વાસનો સરવાળો એટલે જીવન. જે કોઈ ફક્ત નિભાવે, કોઈ પસાર કરે, પણ કોઈ વિરલ વ્યક્તિત્વ જ તેને સાર્થક કરી જાણે છે.

છોડી અમારો સાથ. વસ્યા જઈ પ્રભુની પાસ. મમ હૃદયે રહ્યો કેવળ તમારી યાદનો સંગાથ, મોતી વેરૂ કે પુષ્પો વેરૂ ? અર્પવા તમને અર્પણો. મારા 'ભાઈબંધ'ને અર્પુ મમ અશ્રુઓ...

દાનવીર પિતાશ્રી સ્વ. શાંતિલાલ પારલેવાળા અને માતૃશ્રી સ્વ. તારાબેનના સુપુત્ર એવા દિપકભાઈએ પોતાના નામ પ્રમાણે માવતરનું નામ પણ પ્રકાશિત રાખ્યું હતું. **"સત્કાર્ય આપની શોભા હતી. સજ્જનતા આપની 'સુવાસ' હતી. ઉદારતા આપનું જીવન હતું. પરોપકાર આપનું રટણ હતું."**

રાજકોટના સ્વ. કાનજીભાઈ હિરાણીની સુપુત્રી કુંદનબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયેલા હતા. જીવ્યા ત્યાં સુધી 'ભાઈબંધી' સુપેરે નિભાવી. તમે નજરોથી દૂર થઈ ગયા. હજુ જોઈતો હતો સંગાથ તમારો, ત્યાં તમે દૂર થઈ ગયા. પ્રેમાળ સ્વભાવ, સત્કર્મો-શિક્ષણપ્રેમી-ભક્તિમય જીવન અને સંસ્કારોના પાઠ તેમને પૂજ્ય માતા-પિતા પાસેથી વારસામાં મળેલા હતા.

***He was everything to me - My Best Friend - My Husband - My Love - My Piller of Strenth - My Support system for every Breathing Moments of me...***

ઘરમાં નથી પણ આપનું રોમેરોમમાં અસ્તિત્વ છે. દુનિયામાં નથી પણ દિલમાં અસ્તિત્વ છે. આપ નથી પણ આપની યાદોનું અસ્તિત્વ છે. અહિં નથી પણ આપનું પ્રભુના ચરણોમાં અસ્તિત્વ છે.

***We will love him & Lots Miss him for ever... He will shine like a star always....***

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય અને પવિત્ર આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના... આપના ઉચ્ચ ભક્તિમય જીવનના સ્મરણોને શ્રદ્ધાંજલી રૂપે આપના ચરણકમળમાં સમર્પણ કરૂં છું. ૐ નમઃ શિવાય !

**લી. ગં. સ્વ. કુંદનબેન દિપકભાઈ પારલેવાળા**
**તેમજ સમસ્ત પારલેવાળા પરિવાર**
મો. ૯૫૫૮૯૫૧૩૯૫

**ગુજરાત વાળંદ સેવા સંઘ સદ્ગતને શ્રદ્ધાંજલિ પાઠવે છે.**

Printed & Published by
BALUBHAI BABABHAI PAREKH on behalf of
SHREE GUJARAT VALAND SEVA SANGH and
Printed at NAVPRABHAT PRINTING PRESS,
9, Punaji Industrial Estate, Dhobighat Cross
Road, Dudheswar, Ahmedabad-380004,
and Published from
VALAND VIKAS Karyalaya, Gulbai Tekra,
Opp. Pankaj Vidhyalaya, Ahmedabad-380006.
Editor - ARVINDBHAI S. VAIDYA